# સારાંશ

## ટોરેન્ટ પાવર લિમીટેડ જનરેશન અમદાવાદ પાવર પ્લાન્ટ

## કેસ નંબર. ૧૭૬૩/૨૦૧૮

**પૂર્વભૂમિકા**

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનસ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-જી (એપીપી)એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાંણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા અને
3. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના દર નિર્ધારણ કરવા માટે

**નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુ અપઃ**

૧.૨ માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે અમદાવાદ માં આવેલ વીજઉત્પાદન મથક (જે હવેથી ટીપીએલ-જી(એપીપી) તરીકે ઓળખાશે)ના એઆરઆરની મંજુરી ૦૯ જુન ૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૬/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા આપેલ છે. જે નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ના અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટ્રુ અપ માટે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬નીં જોગવાઇઓ મુજબ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશનના ૦૯ જુન ૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૬/૨૦૧૬) એમવાયટી ઓર્ડરના આધારે અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-જી(એપીપી)એ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે.

1. બળતણની કિંમત અને કામકાજના માપદંડ જેવા કે પીએલએફ, ઓકઝીલરી કન્ઝમ્પશન, સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશનના સંદર્ભમાં વેરીયેબલ ખર્ચમાં થયેલ બદલાવ.
2. ફીકસડ ખર્ચો જેવા કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઇકવીટી પર મળતા વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતો બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમા રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશન દ્વારા મંજુર કરેલા કાર્યક્ષમતાના ઘટકો જાળવી રાખવા માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો કરેલ છે. વેરીયેબલ ખર્ચમાં થયેલો ફેરફાર મુખ્યત્વે બળતણની કીંમત, વપરાશ, મિશ્રણ અને કેલોરીફિક વેલ્યુમાં થયેલ ફેરફારને કારણે છે. તદઉપરાંત, કાર્યક્ષમતાના

માપદંડો જેવાકે સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશન, ઓકઝીલરી કન્ઝમ્પશન અને સ્ટેશન હિટ રેટ જેવા નિયંત્રીત પરિબળોના ફેરફારના કારણે પણ છે.

૧.૬ ટીપીએલ-જી(એપીપી)એ નફા/નુકશાનની ગણતરી વાસ્તવમાં પ્રાપ્ત કરેલ કાર્યક્ષમતાના માપદંડોના આધારે અને ત્યાર બાદની નિપજને નફા/નુકશાનમાં વહેંચણી કરી છે. ટીપીએલ-જી(એપીપી)ને રૂ.૧૦.૪૨ કરોડની ખોટ અનિયંત્રીત પરિબળોને અને રૂ.૩૪.૧૪ કરોડનો નફો નિયંત્રીત પરિબળોને કારણે થયેલ છે. જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર રૂ. (૦.૯૬) કરોડ ટેરીફ તરીકે પાસ કરવા સુચીત કરેલ છે. ટીપીએલે માનનીય કમિશનને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ કામકાજના વાસ્તવિક માપદંડને અનુરૂપ વેરીયેબલ ખર્ચની ગણતરી, વાસ્તવિક ફિકસ ખર્ચ અને નફા/નુકશાનના ખર્ચાની વહેંચણી ધ્યાને લેવા માટે વિનંતી કરેલ છે. ટીપીએલએ માનનીય કમીશનને ઉપરોક્ત ગણતરીના આધારે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ અપની મંજુરી માટે વિનંતી કરેલ છે.

૧.૭ ટ્રુઇંગ અપ કરેલ એઆરઆર નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપ કરેલ એઆરઆર**

| રૂ. કરોડમાં | | |
|---|---|---|
| એમવાયટી મુજબ એઆરઆર | (એ) | ૧૦૯૪.૪૪ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૧૦.૪૨) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | ૩૪.૧૪ |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/3 સી) | (૦.૯૬) |
| ટ્રુ અપ એઆરઆર | ઈ= એ+ડી | ૧૦૯૩.૪૮ |

૧.૮ ટીપીએલએ માનનીય કમીશનને ઉપર દર્શાવેલ એઆરઆરને મંજુર કરવા રજુઆત કરેલ છે.

**વચગાળાની સમીક્ષાના આધારે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલા એઆરઆર ઃ**

૧.૯ માનનીય કમીશને નિયંત્રણ સમયગાળાના (નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧) એઆરઆરની મંજુરી અરજી નંબર ૧૬૨૬/૨૦૧૬ના ઓર્ડર દ્વારા આપેલ છે.

૧.૧૦ ટીપીએલએ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે નીચે પ્રમાણેના અનુમાનોને આધારે ફક્ત વેરીયેબલ ખર્ચ પુરતો એઆરઆરમાં સુધારો રજુ કરેલ છે

૧. <u>કામકાજના માપદંડઃ</u> વર્તમાન પરિસ્થિતિ અને અંદાજોને આધારે પીએએફ અને પીએલએફ જેવા કામકાજના માપદંડ માં સુધારો કરેલ છે જયારે માનનીય કમીશને મંજુર કરેલ

ઓકઝીલરી કન્ઝમ્પશન, એસએચઆર, સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશન અને ટ્રાન્ઝિટ લોસ ધ્યાને લીધેલ છે. ટીપીએલએ વીજ માંગની વધઘટ જેવા અનિયંત્રીત પરિબળોને આ અરજીમાં ધ્યાને લીધેલ નથી અને માનનીય કમીશને ટ્રુ અપ દરમિયાન અનિયંત્રીત પરિબળોની વધઘટ મંજુર કરવા વિનંતી કરેલ છે.

૨. બળતણની કિંમત અને કેલેરીફિક વેલ્યુઃ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વર્તમાન અંદાજોને આધારે બળતણની કિંમત અને કેલેરીફિક વેલ્યુ ધ્યાને લીધેલ છે.

૧.૧૧ મંજુર કરેલ એઆરઆર અને સુધારેલા અંદાજોના એઆરઆરનો સારાંશ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**ટીપીએલ-જી(એપીપી)ના સુધારેલા એઆરઆર**

| રૂ.કરોડમાં | નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ | | નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ | |
|---|---|---|---|---|
| | એમવાયટી ઓર્ડર | સુધારેલા અંદાજો | એમવાયટી ઓર્ડર | સુધારેલા અંદાજો |
| વેરીયેબલ ખર્ચ | ૭૮૮.૪૮ | ૮૪૩.૭૩ | ૮૦૩.૮૧ | ૮૪૯.૩૫ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૭૯.૬૬ | ૧૭૯.૬૬ | ૧૮૯.૯૪ | ૧૮૯.૯૪ |
| પાણીના ખર્ચ | ૧૨.૯૬ | ૧૨.૯૬ | ૧૩.૭૦ | ૧૩.૭૦ |
| માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો | ૪૬.૪૪ | ૪૬.૪૪ | ૪૮.૮૩ | ૪૮.૮૩ |
| વ્યાજ ખર્ચ | ૦.૮૬ | ૦.૮૬ | - | - |
| કાર્યકારી મૂડી નો વ્યાજ ખર્ચ | ૧૪.૪૫ | ૧૪.૪૫ | ૧૪.૮૪ | ૧૪.૮૪ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૬૦.૦૩ | ૬૦.૦૩ | ૬૨.૧૧ | ૬૨.૧૧ |
| આવકવેરો | ૧૫.૩૪ | ૧૫.૩૪ | ૧૫.૩૪ | ૧૫.૩૪ |
| બાદ - નોન ટેરીફ આવક | ૧૭.૪૩ | ૧૭.૪૩ | ૧૭.૪૩ | ૧૭.૪૩ |
| **એઆરઆર** | **૧૧૦૦.૭૮** | **૧૧૫૬.૦૩** | **૧૧૩૧.૧૪** | **૧૧૭૬.૬૭** |

દાદ ઃ

૧.૧૨ ટીપીએલ-જી(એપીપી)એ હાલની અરજી માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા અને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદના વીજ ઉત્પાદનના કારોબાર માટેના દર નિર્ધારણ માટે કરેલ છે.

૧.૧૩ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમીશનને નીચે મુજબ અરજ કરેલ છે:

૧. નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા અને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના દર નકકી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

૨. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ટ્રુઇંગ અપ એઆરઆરની મંજુરી.

૩. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટીપીએલ-જી(એપીપી) દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

૪. વચગાળાની સમીક્ષાના આધારે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના સુધારેલા એઆરઆરની મંજુરી.

૫. અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

૬. ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

૭. અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

૮. માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

૯. કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*